જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૪/૨૦૧૪ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૯૭૮/૧૪**

## ક્રાઇમ બ્રાન્ચ :-

શ્રી એ.કે.શર્મા સાહેબ સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી ક્રાઇમ બ્રાન્ચ નાઓએ શહેર વિસ્તારમાં બનેલ **ATM ચોરી ના બનેલ ગુન્હાઓ શોધી કાઢવા** આપેલ સુચનાઓ અનુસાર નાયબ પોલીસ કમિશ્નરશ્રી હિંમાશુ શુકલા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એમ.ડી.ચૌધરી સાહેબ ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેકટર શ્રી આર.બી. રાણાનાઓને હેડ કોન્સ્ટેબલ અજયકુમાર જાબરમલનાઓએ આપેલ બાતમી હકિકત આધારે રીઢા ચોર સુનીલ ઉર્ફે શુનીયો કાશીનાથ જાદવ ઉવ.૨૦ રહેઃ કેકાડીવાસ, કુબેરનગર, સરદારનગર, અમદવાદ શહેરનાને આજરોજ નરોડા પાટીયા વિસ્તારમાંથી ઝડપી લઇ તેની ઘનિષ્ઠ પુછપરછ કરતા તેણે તા.૦૫/૦૪/૨૦૧૪ના રોજ રાત્રીના દુકાન નં.-૦૭ શિવ એપાર્ટમેન્ટની નીચે, નોબલ સ્કુલની સામે, કૃષ્ણનગર નરોડા ખાતે આવેલ કેનેરા બેંકનુ ATM તોડી ચલણી નોટોની ચોરી કરવાની કોશીષ કરેલ હતી જે બાબતે નરોડા પોલીસ સ્ટેશન I ગુન્હા રજીસ્ટર નંબરઃ ૧૮૨/૨૦૧૪ ઇપીકો કલમ ૩૮૦, ૫૧૧ મુજબનો ગુન્હો દાખલ થયેલ છે.

સદર આરોપીની વધુ પુછપરછ કરતા તે એક વર્ષે અગાઉ સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં એકસીસ બેંકનુ ATM તોડી ચલણી નોટોની ચોરી કરવાની કોશીસ કરવાના ગુન્હામાં તેમજ મોબાઇલ ફોનની દુકાનમાંથી મોબાઇલ ફોનોની ચોરી કરવાના ગુન્હામાં અને ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેસેન્જરોને ઓટો રીક્ષામાં બેસાડી પેસેન્જરના લગેજ માંથી સોનાની ચેઇન તથા રોકડ નાણાની ચોરી કરવાના ગુન્હામાં તેમજ નરોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચેઇન સ્નેચીંગના ગુન્હામાં પકડાયેલ હતો જે તમામ ગુન્હાઓ સબબ પાસા હેઠળ અટકાયત કરી મહેસાણા સબ જેલ ખાતે મોકલી આપેલ અને આજથી દશેક દિવસ પહેલા જેલમાંથી છુટી ઉપરોક્ત કેનેરા બેંકનુ ATM તોડી ચલણી નોટોની ચોરી કરવાની કોશીસ કરવાના ગુન્હાને અન્જામ આપેલ છે.

કમલસિંગ ઉર્ફે સોનુ સુખરામસિંગ રાજાવત (ઠાકુર) ઉ.વ.૨૮ રહે.ઘર નં.બી/૧૨, સિધ્ધી એપાર્ટમેન્ટ દશમાતાના મંદીર પાસે રામદેવનગર ટેકરા જુના વાડજ અમદાવાદ શહેરનાને ચાર કારતુશ સાથે લોડ કરેલ એક પિસ્ટલ સાથે ઝડપી પાડતા પો.સ.ઇ.શ્રી એચ.પી.કરેણનાઓએ પકડાયેલ કમલસિંગ ઉર્ફે સોનુ સુખરામસિંગ રાજાવત (ઠાકુર)નાની વિરુધ્ધમાં શ્રી આર.બી.રાણા સાહેબ રુબરુ ફરીયાદ આપતા આરોપીને અટક કરેલ છે અને સદર ગુન્હાની આગળની વધુ તપાસ પો.સ.ઇ.શ્રી જે.એન.ઝાલાનાઓ ચલાવી રહેલ છે

પકડાયેલ આરોપીની સઘન પુછપરછ દરમ્યાન તેણે જણાવેલ છે કે તે આજથી દોઢેક વર્ષે પહેલા જુગાર રમવાના કેશમાં નારણપુરા પોલીસ સ્ટેશન માં પકડાયેલ છે તેમજ તેની પાસેથી મળી આવેલ પિસ્ટલ તથા કારતુસ નંગ-૪ તેની દુકાનની આજુબાજુ જુના વાડજ વિસ્તારમાં રહેતા નાના મોટા ગુનેગારો ઉપર રોફ તથા ધાક જમાવવા સારુ રાજુ રહેઃ મુંબઇ જેના પુરા નામ ઠામની ખબર નથી તેની પાસેથી રુ.૩૦,૦૦૦/-માં બે અઢી માસ પહેલા ખરીદ કરેલ હતા.વધુ પુછપરછ જારી છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.